સંસારી સાવિત્રી

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિત વર્દ્ધક"

નાટક કંપનીને માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર

તથા

ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલેકો.

આવૃત્તિ પહેલી-પ્રત એક હજાર.

સુરત, દેશી મિત્ર પ્રેસમાં કાશીદાસ ભગવાનદાસે છાપ્યાં.

સંવત ૧૯૫૮ સને ૧૯૦૨.

કીંમત રૂ. ૦-૨-૦

સંસારી સાવિત્રી નાટકનાં પાત્રો.

કાન્તિલાલ......................મુંબાઇ નિવાસી ધનાઢ્ય શેઠ
મોતીલાલ...................કાન્તિલાલનો નિમકહલાલ મુનિમ
છબિલદાસ..................કાન્તિલાલનો નિમકહરામ મુનિમ.
વાડિલાલ..........................કાન્તિલાલનો ભાણેજ વર.
જીજી...................વાડીલાલની સ્ત્રી; કાન્તિલાલની ભાણેજી
શાન્તિલાલ...................................કાન્તિલાલનો ભાણેજ
ગવરી...શાન્તિલાલની સ્ત્રી.
શિવલાલ, વિરંચીલાલ } ....શાન્તિલાલના પુત્રો
વ્રજલાલ, અમૃતલાલ } ....વાડીલાલના પુત્રો
જડાવ...મોતીલાલની સ્ત્રી
સાવિત્રી (વિરંચીની થનાર પત્ની) મોતીલાલની પુત્રી (નાટકની નાયકા)
નર્મદા..............................મોતીલાલની બ્હેન, છબિલની સ્ત્રી
ઉત્તમલાલ.....................................છબિલદાસનો પુત્ર.
હેમાશા...................................પુના નિવાસી લોભી શેઠ
છગન, મગન } ....હેમાશાના ભત્રિજા
ભવાનીશંકર..................મોતીલાલના આશ્રિત વિશિભટ
શિવશર્મા, વિશ્નુશર્મા } ....વિદ્યાભિલાસી બ્રાહ્મણો
સાકરલાલ........મુંબાઇ નિવાસી સદાચારી મિલઑનર શેઠ.
ઉમયા...સાકરલાલની પુત્રી.
જયા, વેણી } ....ઉમયાની સખીઓ

જજ્જ, વકીલો, બારીસ્ટરો, પટાવાળા, રસોઇયા, ઘાટી, સિરસ્તેદાર, ગોવાળ, પ્યારીજાન વિગેરે.

શ્રી હરિ

"સંસારી સાવિત્રી" નાટકનો

ટુંક સાર.

પૂર્વ પ્રસંગ—મુંબાઈમાં કાન્તિલાલ નામના વેપારી ગૃહસ્થ રહે છે; તેણે પોતાની બહેન લક્ષ્મીના દીકરા શાન્તિલાલને વારસદાર બનાવ્યો, જેથી તેની બીજી બહેન, સરસ્વતીની દીકરી જીજીને ઈર્ષા આવી, અને કાન્તિલાલના મુનીમ, છબીલદાસને લાંચ આપી, કાન્તિલાલના મગજમાં, શાન્તિલાલના દુરગુણો ઠસાવવા પેરવી કરી. નિમકહરામ છબિલદાસે તેમ કરવા હામ બીડી, કાન્તિલાલને ભમેર્યો, અને શાન્તિલાલને રજા અપાવી. તે વખ્તે બીજા નિમકહલાલ મુનીમ મોતીલાલે શેઠને સમજાવ્યા; પણ ભાવી બળવાન જેથી શેઠને વાત ગળે ઉતરી નહી; એ પ્રસંગને વીશ વર્ષ થયાં છે, કાંન્તિલાલની મીલકતનો હક્ક કોઈને સોંપ્યો નથી, અને કાંન્તિલાલ માંદા છે. અહીંથી નાટકની શરૂઆત થાય છે.

નાંદિ—સર્વ પાત્રો આરંભેલું કાર્ય નિરવીઘ્ન સમાપ્ત થવા ઈશ્વરસ્તુતી કરે છે,

અંક ૧લો.

પ્ર. ૧ માં—કાન્તિલાલ પાસે મોતીલાલે, શાંન્તિલાલના પક્ષમ નિમકહલાલી બતાવી; અને છબિલે નિમકહરામી કરી કાંન્તિ-

લાલને ઝેર દઇ; જીજી તથા તેના પતિ વાડીલાલને મીલકત સોંપવી; અને શેઠ કાન્તિલાલનું શાન્તિલાલનું નામ ઝંખતાં મરણ થયું.

પ્ર. ૨ માં—અમદાવાદમાં શાન્તિલાલના દીકરા, વીરંચીલાલ, તથા શીવલાલની નીતિયુક્ત વાતચિત. શાન્તિલાલનો મંદવાડ અને તેની સ્ત્રી ગવરીના આગ્રહથી હવા ફેર માટે મુંબાઇ જવાની તૈયારી.

પ્ર. ૩ માં—પુનામાં રહેનાર હેમાશાયે વૃધ્ધ વયમાં સ્ત્રી પરણવાના વિચાર કરવા ત્યાં તેના ભત્રીજા છગને તથા મગને તેને શીખામણ આપવી.

પ્ર. ૪ માં—મોતીલાલની પૂત્રી સાવિત્રીનું ડાહપણ તેની અપરમા જડાવની ઝેર ભરી દ્રષ્ટી. અને સાવિત્રીનો સમંધ કરતાં પૈસા લેવા, ન લેવા વિષે દંપતિની તકરાર.

પ્ર. ૫ માં—વાડીલાલના પુત્ર વૃજલાલ તથા અમૃતલાલની અનિતીમય વાતચીત. વાડીલાલની તેના પ્રત્યે ઇતરાજી તથા જીજીનો પ્યાર અને હરામના પૈસાનો ગેરઉપયોગ.

પ્ર. ૬ માં—શાન્તિલાલે, મુંબાઇમાં આવી ધંધાની તજવીજ કરવી. મોતીલાલનું ત્યાં આવવું. અને શાન્તિલાલનાં કુટુંબની વાણીથી કુલીનતા જાણી સાવિત્રીનું વિરંચી સાથે સગપણ કરવું. તથા તે પ્રસંગમાં બે બ્રાહ્મણોને અભણ જાણવાથી ખરચી આપી, કાશીયે ભણવા મોકલવા વિગેરે.

પ્ર. ૭ માં—છબિલદાસે, તેજ બ્રાહ્મણોને કોઇ વૃધ્ધ વર, મોકલવા કહેવું. મોતીલાલની આપેલી, સોનાની માળા ગુમ કરી પીતળની માળાથી પોતાની બૈરી નર્મદાને ભોળવી તેના બાપ મોતીલાલ સાથે વિક્ષેપ પાડવો વિગેરે.

પ્ર. ૮ માં—છબીનું ઉડાઉપણું. વાડીલાલનો અનુગમો વ્રજલાલને ક્યાંઇ નોકર રખાવવા વિચાર. જડાવ તથા વ્રજલાલનો આડો વ્યહવાર.
શાંન્તિલાલને મારવા વાડીલાલ તથા છબિલના વિચાર, અને ગવરીનો તિરસ્કાર;

પ્ર. ૯ માં—મોતીલાલે ચતુરાઇથી સાવિત્રી પ્રત્યે જડાવ તથા છબી ની ક્રૂરતા જોવી; શાંન્તિલાલને દવા આપી આવેલા ડાકટર નં-દલાલે મોતીલાલને પણ લઇ જવા વિચાર કરવો. ત્યાં મોતી-લાલે શુધ્ધિમાં આવી જડાવને ધિ:કારવી. છબી તથા ડાકટરનુ નાસવું, અને વિરંચીના આવવાથી મોતીલાલે શાંન્તિલાલની સારવાર માટે જવું,

પ્ર. ૧૦ માં—અપૂત્ર શેઠ સાકરલાલની પુત્રી ઉમીયાનો બાઇ માટે અફસોસ. વાડીલાલે સાકરલાલને ત્યાં વ્રજલાલને નોકર રાખવો; તથા મોતીલાલે શાકરલાલ શેઠને ત્યાં શીવલાલને નોકર રાખી દવા પીતાં બેભાન થઇ નાશી ગયેલા શાન્તિલાલની શોધમાં જવું.

પ્ર. ૧૧ મો—હુમાશાને ત્યાં બ્રાહ્મણોનું આવવું, તેને છબિલના કહેવા મુજબ મુંબાઇ જવા કેવું અને લાડુની તકરારમાં "ત્ર-ણ તારા ને બે મારા" એ ન્યાયે ભુત થઇ કુટાવું.

અંક ૨ જો.

પ્ર. ૧માં—શાન્તિલાલની પાછળ ગવરીનો અફસોસ! તેના બંને પૂત્રોએ ધિરજ દેવી, અને છબિલના દિકરા ઉત્તમે સાવિત્રીનો કાગળ વિરંચીને પહોંચાડવો.

પ્ર. ૨ માં—શેઠ સાકરલાલે શીવલાલ તથા વ્રજલાલની પરિક્ષા

કરી, વ્રજલાલપર ગુસ્સે થવું, અને શીવલાલના માન, પગારમાં, વૃદ્ધિ કરવી.

પ્ર. ૩ માં—મોતીલાલના આશ્રિત ભવાનીભટની વિશીમાં, હેમાશાનું આવવું, ત્યાંથી છબિલદાસ સાથે સાત હજાર રૂપીઆ ઠરાવી, પરણવા જવું, અને વીશીભટે તેમાં માહેતગાર થઇ, સાવિત્રીને બચાવવાના ઉપાય લેવા.

પ્ર. ૪માં—મોતીલાલની બહેન; નર્મદાને ત્યાં વિરંચી તથા સાવિત્રીની પ્યારભર ભેટ. ભવાનીભટે આવી નર્મદાને મજકુર ખબર આપવી. અને સાવિત્રીને બચાવવા ઉત્તમલાલને સ્ત્રીના કપડાં પેહેરાવી સાથે લઇ જડાવને ત્યાં જવું.

પ્ર. ૫ માં—છબિલે તથા જડાવે મળી હેમાશા પાસેથી સાત હજાર રૂપીઆ લેવા. ત્યાં નર્મદાએ તથા ભટે આવવું. અને સાવિત્રીને બદલે, ઉત્તમલાલને હેમાશા સાથે, પરણાવી દેવો વિગેરે.

પ્ર. ૬ માં સાવિત્રીએ જડાવ તથા છબીલના જુલમથી કંટાલી ભાગી નીકળવું! ત્યાં રસ્તામાં વિરંચીની પ્રેમી ભેટ.

પ્ર. ૭ માં—મોતીલાલે જોગીના રૂપમાં વાસુકી દેવના આશ્રમમાં રહી દિવાના શાન્તિલાલની દવા કરવી, આશ્રમની ગાયો દોવા ગોવાળે આવવું. તથા અનાયાસે સાવિત્રીએ ત્યાં આવી રેહેવું.

પ્ર. ૮ માં—હેમાશાને ત્યાં ઉત્તમલાલે પ્રપંચથી, ધુણી માતાના ચમત્કારે સ્ત્રીમાંથી પુરૂષ થવું. ત્યાં શહેરનાં માણસોએ આવી હેમાશાની ફજેતી કરવી.

પ્ર. ૯માં—વ્રજલાલનું પ્યારી જાનને ત્યાં આવવું. ત્યાં તેનું અનીતી ભરેલું આચરણ જોઇ જડાવે ક્રોધ કરવો.

પ્ર. ૧૦ માં—શેઠ સાકરલાલે, વ્રજલાલની ચોરી પકડી, તેને રજા

આપવી, તથા શીવલાલને મીલનો અરધ ભાગીદાર બનાવવો.

પ્ર. ૧૧ માં—ઉમીઆએ સખીઓ સાથે, ગરબો ગાવો. વૃજલાલે આવી ઉમીયાપર હુમલો કરવો. તેને ઉમીયાની સખીઓએ ધિ:કારી કાઢવો. અને શીવલાલ સાથે ઉમીયાએ સ્નેહયુક્ત વાતચીત કરવી વિગેરે.

અંક ૩ જો

પ્ર. ૧ માં—ઉત્તમલાલે, હેમાશાના ઘરમાંથી હાથ ફેરો કરી ચાલી નીકળવું. હેમાશાએ સ્ત્રી તથા પૈસાના વિયોગથી બેભાન થવું અને તેના ભત્રીજા છગન તથા મગનના પ્રપંચથી મુંબાઇ તરફ ચાલી નીકળવું.

પ્ર. ૨ માં– વિરંચી પાસ થયો તથા શીવલાલ મીલનો ભાગીદાર થયો જેથી ગવરીએ ખુશી થવું. વૃજલાલે બંગલાના ભાડા માટે આવવું. શીવલાલે સાકરલાલના સોગન તોડી ભાડું આપવું. અને ઉત્તમલાલ પાસેથી સાવિત્રીના સમાચાર સાંભળી વિરંચી લાલે તેની સાથે જવું.

પ્ર. ૩ માં—વાડીલાલે તેના બંને દુરાચરણી પૂત્રોપર ગુસ્સે થવું. બાદ જજ સાથે કોટમાં જવું. પાછળથી વૃજલાલે તથા અમૃતલાલે લડાઇ કરવી. રસોઇયા શંકરલાલે છુટા કરવા અને અંતે જડાવના ગુસ્સા તળે બંને બહાએ ફરવા જવું.

પ્ર. ૪ માં—જડાવે વૃજલાલ બદલ અમૃતલાલનું ખુન કરી નાશી જવું. ત્યાં રોનમાં નીકળેલા પોલીસ રૂબરૂ અમૃતલાલે પૂર્વ લડાઇને લીધે શંકીત થઇ વૃજલાલનું નામ લેવું. પોલીસ અમલદારે અમૃતલાલને ઇસ્પીતાલ મોકલી વૃજલાલની તપાસ માટે જવું.

પ્ર. ૫ માં—જડાવે પોતાને ઘેર વૃજલાલને જોઇ ચમકવું. તેના પર ગુન્હો સાબીત થવાના વિશેષ પુરાવા માટે પોતાનાં ઘરના તાળાંની ચાવી ગુમ કરી. તાળું તોડાવતાં વૃજલાલનો હાથ

આપવો, અને પોતે નાસી નીકળવું.

પ્ર, ૬ માં—વાડીલાલે પોતાના પુત્રોની તપાસ ચલાવવી. પોલીસ અમલદારે છુપાઈને સાંભળવું. લડાઇ બાબત શંકરની શાક્ષી પડવી. વૃજલાલે આરોપી તરીકે પકડાવું, અને છછએ અફસોસ કરવો.

પ્ર. ૭ માં સાકરલાલે ગવરી તથા શીવલાલનો સત્કાર કરવો. શીવલાલને સર્વ મીલકત બક્ષીસ કરવી, અને ઉમીયાને પરણવા વચન લેવું, બાદ ગવરી તથા ઉમીયાની હર્ષમય વાતચિત.

પ્ર. ૮ માં—વાસુકીદેવના આશ્રમમાં શાન્તિલાલને આરામ થવો. બંને બ્રાહ્મણોનું વીદ્વાન થઇ આવવું. વિરંચી તથા સાવીત્રીનો મેલાપ, જડાવનું સર્પ ડંસથી મરણ અને મરતી વખતે પોતાના પાપ પ્રગટ કરવાં. તે સાંભળી મોતીલાલ આદી સર્વ મંડળે વૃજલાલને બચાવવા જવું.

પ્ર. ૯ માં વાડીલાલે પૈસા તથા પૂત્રો માટે પસ્તાવો કરવો. લેણી આતે ઉઘરાણી કરવી. છબીલદાસે તેઓને સમજાવવા. અને છછબાઇએ આનાકાની સાથે, "શીવલાલ" ને ત્યાં આશરો લેવા માટે જવું.

પ્ર. ૧૦ માં ગવરીને સર્વ સ્નેહીની ભેટ થવી; વિરંચી સાથે સાવિત્રીનો તથા શીવલાલ સાથે ઉમીયાનો હસ્ત મેળાપ. સાકરલાલની કદરદાનીની, તથા શાન્તિલાલના કુટુંબની નિતીની વડાઇ. છછ તથા વાડીલાલને શીવલાલે આશ્રય આપવો, અને છબિલદાસને સર્વ મંડળે ધિઃકારી કાઢવો.

પ્ર. ૧૧ માં - હાઇકોર્ટના જડજે નિયમસર કામ ચલાવી વિરંચીની વકીલાતથી તથા મોતીલાલની શાક્ષીથી વૃજલાલને છુટો કરવો. સાકરલાલની દયાળુ વૃતિને ધન્યવાદ આપવો. અને અંતે નિતિનો જય છે, એ વિષેનું ગાયન.

શાન્તિ ! શાન્તિ ! ! શાન્તિ. ! ! !

સંસારી સાવિત્રી નાટકના
ગાયનો.

અંક ૧ લો

સર્વપાત્રો - (૧)

તારણ તરણ નમીયે વાણી માતા
વિણાધર, હર, કુમતિ સુમતિ કર.
તું જગ કારીણી બુધ્ધિ સુધારણી
અકળ ગતી રિધ્ધિ સિધ્ધિ દાતા—તારણ
જે પર કરૂણા કર મહીપર વરનર તેહ ઠરે.
દુઃખિ જગત જન, બની ભગત તન.
કરે સ્તવન મન, દહે વિપત્ત વન.
વાણી વિમળ ધન દઈ.
દે અતિ રતી રૂડી, વૃત્તિ થાય કૃતિ
મહા મતિ સંગે સુખો શાન્તા.—તારણ

કાન્તીલાલ (૨)

લિન રહે મૃગલું, સુરમાં યથા,
લિન રહો જીવડો, ધનમાં તથા
નવ સુણી શ્રવણે, શીવની કથા.
ગઈ ગઈ જીંદગી સઘળી વૃથા.

મોતીલાલ (૩)

ગમાર એ વિચાર તું શાને કુડી કરે તું કૃતિ

છબિલ—કુડી કે રૂડી આ મળી છે મુડી વાહ;

મોતીલાલ—તેમાં ધૂળ પડી નિમકહરામ તુજ થારી બદનામ.

કહું છું ખરૂં ફરી ફરી કહું છું ખરૂં. ગમાર

વાડીલાલ } લવારી જવા દે તારી. આંતે કાં લહે ખુવારી.
૭૭ }

મોતીલાલ—ધમકીથી નકી દિલમાંહી નડરૂં, અનિતી ન આચરૂં,

પીડા પામીને મરૂં, મારૂં ધાર્યું હું કરૂં.

૭૭ } વિ-તેથી પ્રિ-તેથી ચિ-તેથી સરવ સગાં ચહાય
છબિલ }

મોતીલાલ—આને એજ માર્ગે, વિત્ત એજ જાય છે. ગમાર

વિરંચીલાલ (૪)

સત્ય બોલ શ્રેષ્ટ માન; સત્ય બોલ પ્રાણદાન.
જગમાં જાહેર સત્યે થાવા ધર ધ્યાન સત્ય
સત્ય આશા વજ્ર નાર, અંગની શોભા અપાર
સત્યે માથું કાપી આપી ક્ષિતિ છાપી
રહેવા ચીર અવનિમાં, સત્યામૃત પાન. સત્ય

શાન્તિલાલ (૫)

રહે થિર ધારી પ્યારી વ્હાલી વિપત્તિ વિસારી.

ગવરી—કરે ચિત્ત ચિંતા સ્વારી—હાય.

શાન્તિલાલ ... ... રહે

આયુ અંત અવતાર છે જશ અપજશ પણ સાથ
સંપત વિપત ધુપ છાંયડી, એ સરવે વિધિ હાથ

ગવરી—મતિ માનવી ન મારી.

શાન્તિલાલ— ... ... વ્હાલી

ગવરી—મનુષ્યદેહી મ્હેલ આ મનહર આવ્યો હાથ.
બગડે તો સમરાવવા ફરજ આપણી નાથ.

શાન્તિલાલ—ત્યારે કરશું તૈયારી ... ... વ્હાલી

હેમાશા (૬)

ફરૂં છું માંડવામાં મંગળફેરાચાર

છગન }
મગન } (એ મસાણમાં કે)

હેમાશા—વરૂં છું છેલ છબિલિ નાજુક નવલી નાર

છગન }
મગન } (એ ચીતા બાઇ કે)

હેમાશા—ઓઢી પહેરી બનુ શોભિલો સ્વાર

છગન }
મગન } નનામી પાલખીને ઉપાડે ચાર

હેમાશા—ગીત ગવારી

છગન }
મગન } —પોક મુકારી

હેમાશા—પાછળ થારી.. ...વાહ; વાહ; વાહ.

છગન }
મગન } પાછળ થારી......હાય. હાય. હાય.

હેમાશા—... ... ... ફરૂં છું.

સાવિત્રી (૭)

ધારણામાં ધુળ ધારે, વામી વાંકું વિચારે
સુખી છું હું તો મારે, (૨) વારે, વારે, આ વિચારે—ધા.
હરિજન દુષણ દેખે; મારૂં મન ભુષણ પેખે.
મારૂં જળ ઝુલને લેખે, વારે, વારે, આ વિચારે—ધા.

કળાવે કુશળ કળે, ગુણુ અવગુણુમાં મળે.
પુંડરીક પંક તળે, વારે, વારે, આ વિચારે—ધાઃ
અસારેં સાર વસે; જોવા જો મનડું ધસે.
આંજણે આંખ ભસે, વારે, વારે, આ વિચારે.—ધા.

મોતીલાલ (૮)

લવરી કર માં કર માં તું લવરી કર માં.

જડાવ—સૌ સુખ જરમાં, જરમાં છે સૌ સુખ જરમાં.

મોતીલાલ—આપી અવળો બોધ, ક્રોધ તું મુજ અંતરમાં ભરમાં.
ખાંતે પ્યારી વ્હોરી નારી, તું વિણુ મોતે મરમાં.

જડાવ—ઘરનાં છોકરાં ઘંટી ચાટે, આટો દે પર ઘરમાં.
ઝળઝળ પ્રગટે ઝાળ કાળ આવે એથી અંતરમાં

મોતીલાલ—પુત્રી વેચી પૈસા લેનારા નર ખપતા ખરમાં.
એવી કરણી કરનાં લાગે આગ ભરેલા સરમાં.

જડાવ—જે નર પાસે જર નહીં તે નર ખર સમ આ અવસરમાં
સરમાં શાની આગ લાગશે. લાગી જર વિણુ ઘરમાં

ભજલાલ }
અમૃતલાલ } (૯)

અવસર આ આવ્યો અમારે
અમીરીનો આનંદ ઉભરાણો

ભજલાલ—કહે છે સાજન માજન વલી સૌ
સગાં સંબંધી શાણો

અમૃતલાલ—સહુ નિશાળીયામાં રાણો, સંગ છેલબટાઉ કેવાણો
જે કરે ખુશામત મારી, તેને કહું મોજ માણો. અ.

ભજલાલ—આપું છું જર હાજર હુકમે, રહેતો નહીં તો પાણો.

અમૃતલાલ – હું લહું લાખેણી લાણી, હવે રહી શી હાણી.
વ્રજલાલ—વળી રાંડો રાખું નાચ નચાવું જગત ભલે જાણે. અ.

છૂછ— (૧૦)

દીવાળી દ્રષ્ટે દેખું રે, દિન દિન દોઢી.
લક્ષાધિપાત કહેવા લાગે, લળી લળી સહુ લોક
પ્રણમે સો સો વાર નમીને જરા નમાવું ડોક
સુંદર સાડીરે અમુલ્ય ઓઢી... ... ... દીવાળી
ડાહ્યા છે એ જાયા ફુલાય દેખી કાયા.
મસ્તાની થઇને માણું રે પલંગે પોઢી. દીવાળી.

બ્રાહ્મણ (૧૧)

વિધ વિધ યશ વાધો, સમૃધ્ધિ સુખ પામો.
દિન દિન દુનિયામાં દુઃખ દારિદ્ર વામો.
કલિત કરણી ધારો, કોડથી શુભ કામો.
અમર અવની માંહે, રાખવા નીજ નામો

છબિલ – (૧૨)

તજીદે લવારી કહ્યું માન
બાઇ હત્યારો, ઠગારો, તારો પ્યારો— કહ્યું

નર્મદા—વાદળ છાયે સુર્ય છુપાયે, કંચન પીતળ ના પરખાયે
વાયુથી તાપેથી પ્રગટ થાયે

છબિલ—સાચુ કહું ધર ધ્યાન, બેભાન નાદાન હેવાન—કહ્યું
સિંહના વાળ શીયાળ ધાલે. અમીર થઇને ફકીર ચાલે.

નર્મદા—ફકિર કહો છો કોને, વિચારી વદજો વાણી
છબિલ—ચૂપ કર.....................................
નર્મદા—નથી ડર.....................................

છબિલ—શા ધારી ખુમારી, ખુવારી થનારી
નરસિંહ—વિણ વાંક હણોમાં, પ્રભુ પાપી ગણોમાં
છબિલ—સમજી પરણી કરણી.......................કહ્યું માને
મોતીલાલ— (૧૩)

કુડું કાજ કરીયું મનવા, ભુલી ભામનીમાં
ભુલી ભામનીમાં મનવા ભુલી ભામનીમાં—કુડું
અવિચળ ધાર્યો અગની, દેખી દામનીમાં. (મનવા)
આણું તેજ સુરજ ફેરૂ જામી જામનીમાં—કુડું
વિદેહી થવા વિચાર્યું કથા કામનીમાં. (મનવા)
દોડયો પાપ પંથે જાવા સતારામનીમાં—કુડું

ગવરી— (૧૪)

ગરીબી શી તારી સત્તા ક્રૂર ભારી
ભણેલું ભુલાવે. કરીને ખુવારી
નમે દાસ તારા કરી સૌ પ્રણામ
અમીરો ડરે માગશે હાય દામ
ધિઃકારી ડરાવી હરાવેજ હામ
વિતાવે તું જેને ભજે તેજ નામ—ગરીબી

જડાવ— (૧૫)

છુટી પડી સાહેલીના સાથથીરે હાં હાં
આવી ઉતાવળી આગાર વ્રજ વાટમાં
સ્વેદે ભીંજાણી મારી કાંચળીરે હાં હાં
વેણી વળગી ઝાડ ઝાંખરેરે હાં હાં, ફાટયો સાળુ લાગી વાર—વ્રજ
દાડમની બીજ જાણી તોડીયોરે હાં હાં, સુડલે મોતી તણો હાર—વ્રજ
છાતીમાં ઘાવ પડયા ચાંચનારે હાં હાં, ઘટે નહીં સ્વાસ ઉર અપાર—વ્રજ

વૃજલાલ (૧૬)

થાય, થાયરે, થાય થાયે, પૈસાથી ધાર્યું કામ
ગાય, ગાયરે, ગાય ગાયે, ગુણ ગુણી ઠામો ઠામ

નેપથ્યમાં—વાવરો વિચારથી તો વિત્ત તારનાર
ભુલશો ભમાઇને તો એ ડુબાવનાર

વૃજલાલ—પૈસાની જ્યારે વેળ વળે, દાખી દાઝે બળે
ખમાં પળે પળે, કહેવા લોક મળે
ગળ ગળે ગળે આવી પાસ ઢળે. છે દોઢ દેવ દામ
જાય જાયરે જાય જાયે, જગ માંહે જામી નામ
પાય પાયરે પાય પાયે પ્રિતેથી પ્રેમદા જામ

નેપથ્યમાં—હક્ક થાય હક્કનું હરામનું હરામ, પાણીનાજ પાણી
દુધનાજ દુધ દામ

સાવિત્રી (૧૭)

વિરંચી વૃક્ષ વેલડી હું ક્યારે પામુરે, પ્રભુ હું.
ધન વિણુ ઘેલી ઢેલડી, હું કયાં વિરામુરે—પ્રભુ હું
"વિરંચી હૃદયાટવી થકી ઝરણે ઝરતો પ્રેમ"
"પામું ક્યારે પાળવા, નિત નિત નવલા નેમ"
મીલાવ કો સાહેલડી હું શીશ નામુરે—વિરંચી.

વૃજલાલ— (૧૮)

અણીઆળી આંખોવાળી વાહ ? વાહ ? વાહ ?
હસી હસી આપો તાળી... ... ...

જડાવ— હા! હા! હા! નેણાં નેહે ભર્યા ઢાળી પુરી પ્રિતિ રિતિ પાળી
ભવે થાશું ભાગ્યશાળી... ... ...

વૃજલાલ—વાહ ? વાહ ? વાહ ?

જડાવ— વારી વારી પ્યારા તારી મીઠીમીઠી વાણી સારી
વૃજલાલ—પ્યારી મારી વેણી તારી નીરખી નાગણી હારી
કોકિલા શો કંઠ તારો દાંત કીર કેરો ચારો
જડાવ— જેવી તેવી તોય તારી
વૃજલાલ—હા. હા. હા.
જડાવ— છબિ તારી ઉરે ધારી
વૃજલાલ—વાહ ? વાહ ? વાહ ?

ઉમીયા— (૧૯)

બાંધવ વિનાના બેહેનના બહુ દોહલા દહાડા જાયરે. બાંધવ
પસલીને દિન ઉરમાં જવાળા, પૂરણ પ્રગટ થાયરે. બાંધવ
સાસરીયાનાં દુઃખડાં રડી, કોની પાસે ગાયરે
ન ભાઇ કહીને મેણલાં મારે, કેમ કહો સહેવાયરે. બાંધવ
મોસાળું મંગળ વેળામાં નાવે, સરવે સુનું જણાયરે,
ઠેસ લાગે તો ખમાં વિરાને, કેમ કહો કહેવાયરે બાંધવ

સાકરલાલ— (૨૦)

આવા ગમાર ગુણહીણ ગતી મતી રતી વિણ ગૃહસ્થના બાળા
ભુલી ભણતર ગણતર શીખે ઠગ ચોરી ચાળા આવા
કોટ પાટલોન સ્ટોકીંગ બુટમાં ગૃહસ્થાઇ માને
વડા વિવેકી વાત કરે તે ધારે નહીં ધ્યાને
માંસ મદિરા ખાતા પીતા કુળ કલંક કાળા આવા
ગલી ગલીમાં ગાયન ગાવાં એજ ગુણ ગણતા
ગરીબ હણવા ગાળ મારના પુરા પાઠ ભણતા
સાળા માત પિતાનાં ઉર કરવા પ્રગટે જવાળા આવા

હમારા, છગન, મગન (૨૧)

ભરખે ભુવનમાં ભરાયેલાં ભુતડાં . .

દોડીને દંડ દીયે દૈત્યોનાં દુતડાં ભરખે

બ્રાહ્મણો—ખાશું તો જાશું છે કાવા દાવા,

હે-મ-છ—દેશું લાકડીયે જો રેશો ખાવા,

બ્રાહ્મણો—મારનાર થાય ખ્વાર સરકાર ન્યાયદાર

હે-મ-છ—ઘરબાર કાઢનાર છો ગમાર કોણ જાર

બ્રાહ્મણો—નહીં ભુતો નહીં પ્રેતો છીયે બિચારા બ્રાહ્મણો.

હે-મ-છ—કાંન જાગ્યા બહુ જગાડયા

બ્રાહ્મણો—લાડુ તણે લોભે (૨)

હે-છ-મ—અરે જાઓ જાઓ અરે દુર થાઓ એક શીખ ધારજો
લોભને વિસારજો... ... .ભરખે

અંક ૨ જો.

ગવરી— (૨૨)

ગોવીંદ ગીરધારીરે, યાચું પતિ માટ મુરારી.
શાન્તિની સરિતા શ્રમ હરવા હર્ષ હવેલી વાસો કરવા
ભક્તિ ભવસાગર જલ તરવા તારીરે............ગોવીંદ
સુધાખાન પાનાદિ સાટે પ્રેમ પથારી પોઢણુ માટે
હવા અગર ચંદનની વાટે સારીરે............ ...ગોવીંદ

શીવલાલ વિરંચી (૨૩)

આશીશ ફળજો આપની મુદ ભરણી માતા
કરીયે શેવા જે અડસઠ તીરથ ગુણીજન સહુ ગાતા—આ.
સુખ પામશું. દુઃખ વામશું, જગ જામશું ધન ધામશું આ.

ગવરી—શાણી વાણી સુણી વહે મુદ મનમાં
રહો ચીરજીવ નિર રોગી તનમાં
શી. વિ.—જનની તનની કુરજે વરતી કરશું ભગતી કરશું જગતી આ

વિરંચીલાલ (૨૪)

સંભારજો નાં વિસારજો તારજોરે
દુઃખ દરીયાથી વિષમ મદન અનળમાંથી ગણી દાસી પ્યાસી પ્યારા
પ્રેમ તણી ધણી નેહની નજર નાખી.... ....
દેજો અતી રતી ગતી દ્યતિ પતિ... ...સંભારજો નાં વિસાર
તરણી કરણી પરણી પ્યારે પરસ્પર પાળી પ્રેમી પદ પામી
રહું શીર નામી જુગે જશ નામી, રહે એવી ધારી
કૃતિ વૃતિ દેખું મન હરણું મુદ ભરણું સુખડું સદાય. સંભારજો

શીવલાલ— (૨૫)

હાય ગરીબી તણી જે પીડા અમીર શું જાણે
ઝળઝળ ઝાળ બળે મુજ મનમાં એ નિજ મનમાં કાંઇ નવ આણે
હાય હાય હાય... ... ... હાય ગરીબી
જળ સુકાતાં સરિતા કેરું જળચર પામે દુઃખ ઘણેરું
દરિયાનાં પ્રાણી એ લ્હેરું, જળવિણ દુઃખ શું એહ પ્રમાણે
હાય હાય હાય.............................હાય ગરીબી
ભુખ ઉદરમાં શિરપર ભારો, પિડા પામે જે કઠીઆરો
શું જાણે સ્વારી કરનારો, જમે ભાવતું જે નિત ભાણે
હાય હાય હાય...........................હાય ગરીબી

સાકરલાલ— (૨૬)

જાણ્યું પ્રતિ ઉત્તર ચડી સઘળું. કરતો વિચાર ઉચ નિચ ક્યારે કશું.
વિષ તે વિષ ને સુધા સુધા છે જેની જેવી કૃતિ તેની તેવી કથા છે—કરતો
"શીવલાલને" સુધા ગણ્યું છું "વૃજલાલ" વિષને નિત હણું છું—કરતો

ગટછ— (૨૭)

આવા અધમ નર નર રૂપમાં ખર વૃધ વય માંહે પરણી
એ ફરી અવળી અનુસરણીરે..............—મરતા
નહીં જગડર તણો મનમહીં જરી ડર, ભારે મારતા ધરણીરે પાપી
મરે પછી સુખ વિત વિત કરતા જાય તજી ધન ધરણી
એ ક્યાંથી પામે તરણીરે.....................આપી.
ઉતમ અવસર નિરખીને વૃધ વર હાથ વોય ઉચરણી રે—થાયે.
ફટ ફટ થાગે લોક થોકમાં કરણી કલીત ભય ભરણી
ઝેર તણી કહી ઝરણી રે..............ગાયે......આવા.

સાવિત્રી— (૨૮)

પત્ર પહોંચ્યો તારો પ્યારી રે (૨) દ્રગો ઠારી રે...પત્ર
એક એક અક્ષર પરે ક્રોડ ગીરા કુરબાન.
આશા વધી ઉરમાં હવે, ક્યારે સુણું કાન......દ્રગો
શરીર શહેરમાં જામીયું "કામદેવ"નું રાજ
હાર પમાડી તેહને તરૂણી પેહેરજે તાજ......દ્રગો

(૨૯)

સાવિત્રી—એ નાં છોડી જાશો પ્યારા મારા
વિરંચી—એ નાં ગભરાશો ડાહી દારા
સાવિત્રી—વિતાવુ દિન કેમ
વિરંચી—વિતાવ્યા જેમ તેમ
સાવિત્રી—જળ વિણુ ઝખ જીવે નહીં, અળગું ઘડીયે એક
વિરંચી—મોરારી મેળાવશે, નિરખીને તમ ટેક
સાવિત્રી—એણી સજું ગુણ તણી નિશ દિન ભજું પતિ
પલ પાછું તજું નહીં, ન્યારા ન્યારા

સતીના ધારા જાણું છું પ્યારા
વિરંચી—ધારી રહો સર્વ સારા......................
સાવિત્રી—...................... ....એ નાં છોડી
વિરંચી—વ્હાલી વિદ્યા મેળવી, પ્રવિણુ થાઉં પાસ
સાવિત્રી—પ્યારા પ્રેમે પુરશે. અવિનાશી તમ આશ
વિરંચી – વાણી ફળે તમ તણી, વિદ્યા વાટે મળે યશ
સંભારું છું પળે, પળે, દુઃખના આરા દેખશું દારા દિવસ સારા
સાવિત્રી—ભણો ભાવે કામણગારા..................એ નાં છોડી.

નર્મદા (૩૦)

કાર્ય કરવારે છું મરવારે તનમન ધન સાથે તૈયાર
ભટજી—ત્યારે થાઓ તૈયાર હવે શાની છે વાર મારું પાપીને છું ગેબી માર.
નર્મદા—ભાઇ મારો પ્રાણુ પ્યારો, આંખ તારો સુતા શું તેની ખુદા સાથે જાય.
ભટજી—દામથી કામ, કહો તે થાય, એમ ગુણીજનો સહુ ગાય
વેગે ચાલો વખ્ત ટાલો શીદ ગાળો, ખુરું તો થાશે જો નહ પોહોંચાય
નર્મદા—ચિતમાં હાય લાગે તો લાજ, કેમ હંસણી કાગથી વરાય. કાર્ય

સ્રીઓ (૩૧)

ફરજો ફરજોરે એની સાસરીયા સાથથીરે.
પીયરીયાં વહાલાંને નવ વિસરજોરે... .....ફરજો
જ્યારે પામોરે સાસરીયાનાં ભોજન
ત્યારે પીયરના ટુકડા નવ ભુલશોરે.
કરજો કરજોરે એની નેહ નવલા નાથથીરે.

વિનવિ પદ પુજી ભવસાગર તરજોરે........ફરજો
જ્યારે પામોરે સાસરીયાનાં સુચાર
ત્યારે પિયરના સુંથા ના ભુલશોરે........ફરજો

સાવિત્રી (૩૨)

મને તન મન ધન ગણી તાત; નયન નિત નેહી નજર ભરતા,
હાં હૃદય ચાંપી ઠરતા, તાત, તાત, તાત, પ્યાર કરતા;
મુજ મરેલ માનું દુઃખ ભુલાવા, કંઇ કંઇ આચરતા,
એ ફિકર મહીં ફરતા........................તાત તાત
હું માગું મુખથી જેહ ધીર તજી ધાઇ લાવી ધરતા
હા સુખ સરિમાં તરતા ....તાત તાત
એ અનહદ તમ ઉપકાર બદલ પિતુ પામો નરવરતા
ઉત્તમ મહીં અનુસરતા....................તાત તાત

સાવિત્રી-વિરંચી— ૩૩

સ્નેહીને સારૂં બુરૂં શું છે, જેવી ધૂળ ધનરે તેવું છે.

સાવિત્રી—પથ્થર પારસ પ્રમાણ પેખે; પુન્ય પાપ પરમાણ
વિરંચી—આપ અવરનું એક ઓળખે, હોય હર્ષ કે હાણ...સ્નેહી
સ્વર્ગ, નર્ક સામાન્ય, સમજતા સુખ સંકટ સામાન્ય.
સાવિત્રી—વ્હાલું વેરી નહીં વિશ્વમાં, નહીં અહરનીશ ભાન...સ્નેહી
(ધૂળ ધરો કોઇ ફૂલ ચડાવો.)
વિરંચી—(કિર્તિ કહો કોઇ નિંદા ગાઓ.)
સાવિત્રી—(અગર ચોપડી અમૃત લાવો.)
વિરંચી—(મેશ લગાડી વિષ પીવરાવો.) (તોય)......સ્નેહી

મોતીલાલ— (૩૪)

ઓચિંતી આવી અણુભેદ તણી આ લ્હેર
ચીન્હ વગર જન સર્વે આવ્યાં અહીં કીધો કંઇ ફેર

હિન્દુ યવન બે અળગા બહને કર્યાં પરસ્પર વેર... ઓચિંતી
બે નદી અળગી ચાલી મળતી સિંધુમાં એ પેર
જ્યાંથી આવ્યા ત્યાં સહુ જાશે, સત સાહેબને ઘેર. ઓચિંતી

સાવિત્રી (૩૫)

નહીં ક્યાયે મળે ન્યાયે, ચિત ચરરર ચરરર (૨)
અન્યાય જોઈ ચિરાયે હાય... ... ... નહી
સાંભળવા સુધા આપ્યું નિરખવા હળાહળ મશાલ માનસર કહેવાયે
વિધિ ગતી વાંકી અતિ જગતીમાં સ્થળ સ્થળ કાક ઉત્સુક બક દરસાયે
હાય હાય
વિદૂર ભગત જેવા દુઃખી જીંદગી વિતાવે, દુશાશન સરખા સુખી થાયે
સજ્જન સંકટ સહે દુરિજન દ્રવ્ય લહે એ પણ છે અતિ અન્યાયે હાય હાય

ગોવાળ— ૩૬

એ ઘોબા બાપા ફુંફાડે ડુંગરા ફાડો
વાના જેવો વેગ તમારો હકને પકડી પાડો
જેના ઘરમાં પેઠા ઈને, રાતુંની રાતું જગાડો.....એ ઘોબા
(એપોરીયોયાં, આહીં આવો કાં)
અઢાર આલમ પુજે તમને રૂડા પાંસમ દાડો
જેને ફટકાવો ઈ મોઢે મોટી મોટી પાડે રાડો.....એ ઘોબા
(એ પોરીયોયાં આંઈ આવો કાં)

પારીજાન— (૩૭)

મેં તો પૂજન ચલી હનુમાનકો—સૈયાં
ચલી હનુમાનકો ચલી પ્રિય ધામકો—હમ
તેલકી પુરી હનુમાનકો ચડાવું, ઘીકી પુરી મેરે યારકો—સૈયાં
આકકે ફૂલ હનુમાનકો ચડાવું, ચમેલીકે ફૂલ મેરે યારકો—સૈયાં

બધા— (૩૮)

મેર કિધિ માતાજીએ નાખ્યું વિમાન કુડા ગામમાં

કામમાં, દામમાં, નામમાં, ગામમાં ઠામમાં વાહ !—મેર

હેમાશા—નિકળ્યા નહીં તો માર્ું મુંડામાં, પેઠા કાં પારકા ધામમાં

બધા—..નાખ્યુ

હીવાની દાઝે ડોકીયાં કરૂં; ધુળ પડી તારા નામમાં—નાખ્યુ

હેમાશા (શું કોઇની મા બ્હેન પરણ્યો છું હું.)

બધા—(એ શરમા શરમા જરા બોલે છે શું.)

કામમાં; દામમાં; નામમાં, ગામમાં, ઠામમાં—વાહ !—મેર

સાકરલાલ (૩૯).

હણું લાત વાત કમજાત ન કર, મનમાં ડરખર નરધર જરાક
ભૂલી શાન ભાન અભિમાન ન કર કરી નાક રાખ જગમહીં નપાક—હણું
શૈતાન તું હેવાન તું દુરથા દુરથા પાપી, નોકર નવ તું ખુડી ભર ખુડીભર
મમ શીવ અનહદ પ્રિય તન મન સમ, આ દામ ધામ નામ આપું
ખાસ લખીને તેને—
મુજ મનહર મુજ તનહર, ધનહર લુણુ હલાલ. લુણુ હલાલ—હણું

સાકરલાલ (૪૦)

સાચે છે. રાચ્યા જગપતિ અતિ, દુઃખ ટળ્યું, ટળ્યું નિતિથી.
પામ્યો તું પ્રિતિ રૂડી મતિ થકી..................દુઃખ.
તારા આ રાજમાં જે ચાલે તે શાન્તિ પામે ભ્રાંતિ વામે
તુજ સમ આનંદિ આનંદિ હરનિશ અતિ............દુઃખ

ઊમીયા તથા સખીઓ (૪૧)

આવ્યા આવ્યા અલબેલા ઉમંગમાંરે.
વ્હાલો વાતડી વધા એક વ્યંગમાંરે
સખી સમજી હું શામળાના સાનમાંરે
ગયાં કેલી ગૃહમાં, ગુલતાનમાંરે
પલંગ બિછાવ્યો પ્રભુ મન ભાવ્યો —અગર અતરમય ચોમેરે.

તકીઆ ગાલ મશુરીયાં રૂડાં મખમલમાં મન લોભેરે.
પ્યારો પ્યારી પૂરે પ્રેમે પોઢયાં, આછાં ચીરો અંગપરે ઓઢયાં,
ખાતાં પીતાં રાત ગાળીરે, વ્હાલે હસી દીધી હાથ તાળી
શામળેરે મને માર મારથી ઠીક ઠારી........................
કર્યું અધરામૃત પાન પ્રિતમ પ્યારેરે, મુજ પગ કરમાં ગૃહી હાથ કટીયે ધારેરે,
જ્યાં અનુપમ જામ્યો રંગ મલીયાં, રાગીરે, ત્યાં સુણતાં કોયલ બોલ ઝબકી જાગીરે.
લાગી આ સ્વપ્ને તનમાં, મનમાં લાહ્ય જો, મોહન મથુરાં માંહ્યરે ગોકુળમાં હું રહી.
ચીતડું શ્યામને ચટકે લટકે ચાયજો, પડું તમારે પાયરે કંથને આવો કહી—આવ્યા.

ઉમીયા— (૪૨)

શાણી સખી શાને હસીને સતાવો
વ્યાધિ વધી ઉરે એના ઉપાયો બતાવો—સખી

જયા-વેણી-દિપક પતંગ રંગ ઉમીયાનો શીવસંગ અળગો થશે અનંગ
ઉમયા—તપેલી શું તાવો........................સખી
જયા-વેણી-મૃગ અને મણીધર, ડોલે જેમ સુરપર એમ શીવ ઉમાવર
ઉમયા—એનું એ શું ગાઓ........................સખી

જયા-વેણી— (૪૩)

મારી આલી છે મરાલી બગલો તું છે
દેવી દાનવોનું જોડું ક્યારે સાંભલ્યું છે......મારી
સિંહણ સાથે શિયાળ વરશે, ઉલટ પુલટ મહી થાશે

વ્રજલાલ—આવી વાણી શાને શાણી ઉરે આણી થાશે હાણી

જયા-વેણી-કાળી ખારી તારી વાણી જીભ્હા તાણી
ખોશે પાણી, શઠ તુજ મનમાં શું છે.........મારી

જયા-વેણી— (૪૪)

શીવ સરખા સુંદર વર વરતાં, સખી શું શરમાઇ જાય જાય

ઉમીયા—વરી વરી વ્હાલો વર મુજ મનહર નર શીદ ડાહી થાય થાય

જયા-વેણી-તો છળથી કાં છુપાવ અનંગ બોલાવશે

ઉમીયા—હસી ઉર અપાર કરી પૂરણ પ્યાર સજી સકળ સાર-શીવ
હારી આ તમારી સુણી વાણી ખારી
સખી મારી જાણું ના વીજારી જારી હાય

જયા-વેણી-ફીકર નાનડી નાં ખમાય.

ઉમીયા—કેમ કહો સમજી શકાય.

જયા-વેણી-એ સમજતાં સુખ થાય.

ઉમીયા સમજશું મળી પ્રિતમ પ્રેમદાય.

જયા-વેણી ....હસી.

અંક ૩ જો.

ઉતમ (૪૫)

કરી કળા બળ છળ (૨)
ખુબ ફંદમાંહી ફાવ્યો અહીંરે સત્ય રાહે ચાલતાં.
અંબાજી આવીયાં સહાય કરવા મુજ મનમાં
તન, મન, ધન હરિ (૨) ધારેલું કામ મેં કિધું સહીરે—સત્ય
ખળપર, દુઃખ દળ (૨) નાખ્યું નાખીશ હું છોડું નહીંરે—
સત્ય રાહે ચાલતાં

હુમાશા— ૪૬

વાવા દમડા પાછા મળશે.

છગન }
મગન } હા હા પગડા પૂરા બળશે

હુમાશા—નહીં ફોગટ ફેરા ફળશે, વામા સંગ ત્રેળા વળશે રે. દમડા

દાઝ જાશેરે, જુવાની તો જણાશે.

છગન } વારે ક્યાંક મોતડાં થશે
મગન }

હેમાશા--નવું લોહી આવશે નસે, માતાજી મેહેર કરીને વહુ વિન દેજો

છગન } હાં કાકાજી વૃધ્ધ વર પરણી નિપજ્યું ફેજો
મગન }

હેમાશા—(પરણી આવે, લાડી લાવે, કોપે માતા દુઃખીયા થાતા,
લાડીમાંથી લાડો થાયે, લાડો લક્ષ્મી લુંટી જાયે
લોક કહે છે, ફટ, ફટ, બહુ આપો માતા (વહુ વહુ વહુ)

છગન } કાકા પરણી પાછએ ખાટી
મગન }

હેમાશા—જાઓ તમારી માતા માટી.....(વહુ-વહુ-વહુ).. વા વા

શીવલાલ— (૪૭)

અવની તળામાં એજ. સ્વામી શેવક ગતિ ગણિયે
સ્વામિ "સાકરલાલ", દાસ મુજ રંકક ભણિયે
ગરલ પ્રાણ હરનાર સદા શિવ કંઠે ધારે
મહી ભાર કરનાર શેષ પણ નહીં નિવારે—અવની
વડવાનલ હર વારિ વારિધિ ઉરપર દોડે.
મુજ ઉરમાં વિશ્વાસ મહદ ચલી નવ તરછોડે.—અવની

વીરંચી— (૪૮)

અતિ ઉપકારી કૃતિ બલિહારી, મતિ, ગતિ સારી વાહ પ્રિય વાહ

ઉ-તમ—હસ્તિ મહદ નિજ નયને નિરખે, લઘુ નર અતિવર એવો
નિતિ રાહ

વિરંચી—સુરભી પવનની, વનપતિ વનની, દુધ જીવનની, કૃતિ ધરનાર

ઉ-તમ—બુધ્ધિ હિણો, મને ગણો મિત્ર મોટપનો આવો ભારો, માથે
ધારો, ભારે મારો કાં

વિરંચી—...—અતિ

અમૃતલાલ— (૪૯)

મારં મારં મુકિ મુઠ માર

આવે ખ્વાર, હવે પ્યાર, ન લગાર, નિરધાર......મારૂં
વ્રજલાલ---મેરૂ પાસે તરણું ક્હેકે મેરૂ ભય શું પામે પામે
શિયાળીયાંની રાડે સાવજ નહીં નહીં ભયમાં જામે જામે
અમૃતલાલ---જાર થાશે ખ્વાર, ભુમિપાર કુલંગાર (જા જા)
શંકર---છોડો છોડો બંધુ પ્રિત શાને માટે તોડો તોડો
વ્રજલાલ--- મારૂં જોડો કે હથોડો ભુલાવું એની ખોડો
અમૃતલાલ--................................(જા જા)--મારૂં

અમૃતલાલ (૫૦)

શોભેશો અહાહા રૂડો ચાંદ પુનેમી જેવી નવેલી નીફાંદ,
સુંદર સુંદર અંદર, અંદર, કંદર. કંદર, કરી વસે લસે કામિના નિશ્વાશરે
શોભોશો.
અથવા યદાગ્ની. કાન્ત ભુપ કેરો યશ આવ્યો લહી વેરી નિશ્વાસરે-શો.

જડાવ (૫૧)

વારી પ્યારા તું પરે પ્રિતિની રિતિ. આ પુરી બતાવી ખરી ડર્યો નાં
ડરે--વારી
જળ સ્થળમાં, મહીતળમાં, પળપળમાં, પ્રેમને પ્રસાર્યો ખરે--વારી.
લાખણુસી તુને સોનલહું.
વ્રજલાલ—મારીને કટારી સાથ બળું. પ્યારી મારી પેલે ભવે
તોય તુજનેજ મળું. (હા)
એવાં જે પ્રેમિ તે સ્હેજથી તરે... ....
જડાવ—..... ....વારી.

રૂઉ (૫૨)

અરરર આફત આવી, ઓચિંતિ અભાગી બનાવી.
ત્રુટી પડી વિજળી વજ્રનો ઘા થયો લણી કદળી
વેલી કુમળી હિમથી બળી સુખની સરિતા સુકાવી—અરરર
હાયે થાઉં વાંઝણી એઉ બાળો જતાં જીવું ન ફરી જરૂર મરી
જાઉં હું ખરી, સઘળું સુચવે છે ભાવી........અરરરર

ઉમીયા— (૫૩)
વિખવાણી કહું તાણી રહેશો, રહેશો કહેશો, વધુ શાણી (૨)
તો સુખ સરિતા માંહે વેહેશો, કેહેશો જ્યાં પાણી ત્યાં આપું દુધ આણી
—વિખ

ગવરી—"સીતા" સરખીથી વધુ વડે "કૌશલ્યા" કેવાણી
દશે નહીં દિવટ ટાળવા, છણકાથી ખુશી થાશે.
ઉમીયા—હસવાની એ વાત ઉચ્ચારી, વિસારી. વરવાણી, કહું ના
કદુ કાણી.
ગવરી—વાહ ! શાણી મતિ જાણી તમારી વિચારી મેં ધારો ગૂ
ણો ખાણી.
ઉમીયા...... ....વિખવાણી.
મોતીલાલ— (૫૪)
વૃત્તિ આત્મ અનુભવની, સાફ કરણી; શાન્ત ભવની
અખંડરવની અચળ પવની છે હરદવની.....................વૃત્તિ
એ રસરી બ્રહ્મ નિરખી અહિ જગ મિથ્યા પરખી
તજી આ સંસ્રુતી હરખી ગણી ધન ચીજ ધુળ સરખી (૧) વૃત્તિ
નિજ રૂપ જગ એ સત છે, અતિ ઘટ પ્રતિ બિંબવત છે
કોરંકો ભગવત છે બ્રહ્મ રૂપી સર્વે સત છે.................વૃત્તિ
(૫૫)
જાત જાયાની જયકારીરે, ખરી ખાંતે સહે છે દુઃખ ભારી
મારી સાચી વાણી વિચારીરે, આવિ વનમાંહે વિપત્તિ ધારી
સરાણે હીરો વા સંગ્રામે ધીરો, શોભે છે જીવન વારી
એવી આ તનયા વિકળ બની .પણ, હિંમત હૈયેથી નવ હારીરે—ખરી
સિંધુ સંસારે રહી વહે છે પ્યારે હોડીને હામથી તારી
જોગી તો તારતા માયાથી દૂર થઇ, નિકટ રહી છે મનમારીરે—ખરી
સાવિત્રી— ૫૬
ઓ વ્હાલા તરૂવર વહને મારો કંઇ કયાગે છે. (૨)
ઓળખજે તું ચટકતી ચાલે ચંદ્ર અષ્ટમીના સમ ભાલે
લટકાળા લાલાને જોતાં લોક લોભાયે છે... ......ઓ વ્હાલા

સુક ચંચુ સમ નાક રૂપાળું, કરી સુંઢ સમ બાહુ બાળુ
વિશાળ પૂરણ છાતિ પેખી, સિંહ લજાય છે......ઓ વ્હાલા

સાવિત્રી (૫૭)

આવો પ્રિતમ પ્રાણ, હોને દર્શન દાસીને
નહિં તો થાશે હાણ ખોશો પ્રેમની પ્યાસીને

વિરંચી— (૫૮)

ઉગ્યો અનુપમ ભાણ, રેણી વિયોગી ટાળવા
નહીં દે સરોજ જાણ હીમ રૂપ કામે બાળવા.

વિરંચી
સાવિત્રી } (૫૯)

પ્યારથી પ્યારો પ્યારી, ભેટયાં ઉદય પામ્યો સુરજ સોનાનો

સાવિત્રી—ચકોરી પુરી પ્રેમે ઇન્દુને નિહાળી
વિરંચી—પારસમણી પામી પ્યારી લોહાકૃતિ ટાળી
સાવિત્રી—યૌવન બગીચાના માળી
વિરંચી—થયો ભાગ્યશાળી
સાવિત્રી—હસિ આપો તાળી
વિરંચી—ગઇ આશ વાળીજો માનો.................. પ્યારથી
સાવિત્રી—હિરા કણી હાટક સંગે હવ જડાણી
વિરંચી—પ્રિતિ પય પાણીની પેરે પ્રમાણી
સાવિત્રી—લાખેણી લેશું જી લાણી
વિરંચી—વારે! મીઠી વાણી
સાવિત્રી—મળ્યાં મીન પાણી
વિરંચી—હતો હું ઘેલો શાણી વિનાનો ....પ્યારથી

જડાવ (૬૦)

ન કયાંયે વિરામી, જવું જ્યાં નડે ત્યાં કૃતિ મુજ કામી
ભરી પાપ ભારો ફરું રાન માંહે, જરી થિર નાવે હવે ધ્યાનમાંહે
જુવાનીને જોરે કુડે કામ જામી.................ન કયાંયે
પતિ પુત્રિ પીડયાં પુરી પાપણી હું, સદાયે ડસી છું બની સાપણી હું
હવે હાય હારી હઠિલી હરામી.....................ન કયાંયે

અધા (૬૧)

વાહ ? વાહ ? અતિ મુદિત દિન

સાવિત્રી } મળીયું જીવન વિકળ મીન
વિરંચી }

બ્રાહ્મણ—રિધિ સિધ્ધિ સર્વદા પામિ પરમ થાઓ લિન...વાહ ?
મોતીલાલ—આશ ત્રાસ તીમીર હરણિ, પ્રચંડ તપીત નિત તરણિ
બ્રાહ્મણ—પોપી કમળ પરમ સુખદ કરણ હાર પીન......વાહ
મોતીલાલ—(ભલીયા પર્ણકુટીનું રક્ષણ ઘરની પેઠે થાશે)
ગાવાળ—(હા પણ ગરૂ તમારો વજોગ થાતાં રોઇ રોઇ દિ જાશે)
મોતીલાલ—ઔવું ઝટ થા ન ખીન...................વાહ ?

જીજી (૬૨)

અરજી મારી ઉરમાં ધારો, આધાર અમને એક તમારો
વેર વિસારી વ્હાલ વધારો, દુઃખ નિવારો હાં. હાં. હાં.-અરજી
બેડી અમારી બુડવા લાગી, સંસાર સાગરમાંહી અભાગી
મજબુત કુવા સ્થંભ ગયો ભાંગી તમેજ તારો હાં. હાં. હાં-અરજી

અધા (૬૩)

ધાઓ પ્રિતે નિતિ રિતિ મગમાંહ્ય પામો પુરિ પ્રિતિ જગમાંહ્ય
નિતિ સુધાની પ્યાલી પીઓ પાઓ નિતિ નાવે સંસારાબ્ધિ સ્હેજે,
તરી જાઓ,
નિતિ ભાનુ તાપે દુઃખ રજની જશે થશે, સુખ પુંડરીક પ્રફુલીત
પરમ પુન્ય પદવી પમાડે મીઠા મેવા આગે એવા સ્નેહે સેવો
લ્યો લાખણો લાવ.......................................ધાઓ

અધા (૬૪)

ધારો સખાવતિ પુરિ પ્રિતે બુધિ બળમાં, દુઃખહરણી સુખકરણી અતી
મુદભરણી જેવી તરણી ....ગતિ.
ભવાંબુધિથી તારે કવિ વરણે જઇ શરણે
પડી ચરણે સુણી કરણે
અટકો ખપતાં ખળમાં.................................ધારો
આપે અંતે હાનિ મેં હેરાની અતિ બખીલી
મુંઝાવે અતિ નાંખે વિપતિ, ભજવી તજવા ભુમીતળમાં—ધારો